# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-11-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

### આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

**************************************************

1) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે દુનિયાએ આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા દાખવવી જોઈએ

2) આંધ્રપ્રદેશમાં થયેલી અથડામણમાં છ માઓવાદી ઠાર.

3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પાણીની ઉપલબ્ધતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સૌને સાથે મળીને કામ કરવા વિનંતી કરી

4) NDA ના નવા ચૂંટાયેલા ધારાસભ્યોની આવતીકાલે બિહારના પટનામાં બેઠક-ધારાસભ્ય દળના નેતાની પસંદગી કરાશે

5) જંગલી પ્રાણીઓના હુમલા અને પાણી ભરાઈ જવાથી થયેલા ડાંગરના નુકસાનને હવે પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના હેઠળ આવરી લેવાશે

**6)** દોહામાં રમાઈ રહેલી ACC પુરુષ એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં આજે ભારત-એ અને ઓમાન-એ વચ્ચે મુકાબલો

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# JAISHANKAR-SCO

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે દુનિયાએ આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા દાખવવી જોઈએ . રશિયાના મોસ્કોમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ ગવર્નમેન્ટ મીટિંગને સંબોધતા ડૉ . જયશંકરે ભાર મૂક્યો કે તાજેતરના વર્ષોમાં આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદ વધુ ખરાબ થયા છે , અને કોઈ પણ રીતે આ જોખમોને વાજબી ઠેરવી શકાય નહીં.

વિદેશ મંત્રીએ વધુમાં કહ્યું કે આબોહવા પરિવર્તન , રોગચાળા અને સંઘર્ષો દ્વારા ચિહ્નિત યુગમાં માનવતાવાદી સહયોગ મહત્વપૂર્ણ છે . તેમણે ભાર મૂક્યો કે ભારત, દ્રઢપણે માને છે કે લોકો -થી-લોકોના આદાન-પ્રદાન કોઈપણ વાસ્તવિક સંબંધના મૂળમાં છે. વિદેશ મંત્રીએ એમ પણ કહ્યું કે ભારત દક્ષિણપૂર્વ એશિયામાં વારસા સંરક્ષણના તેના નોંધપાત્ર અનુભવને મધ્ય એશિયા સુધી વિસ્તારવા તૈયાર છે.

. . . . . . . . . . . . .

# EVE ANDHRA- MAOISTS

માઓવાદી વિરોધી કાર્યવાહીના એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં , આંધ્રપ્રદેશના અલ્લુરી સીતા રામરાજુ જિલ્લામાં આંધ્ર-છત્તીસગઢ-ઓડિશા ત્રિ-જંકશન નજીક મારેડુમિલી જંગલોમાં વહેલી સવારે થયેલી અથડામણમાં ટોચના કમાન્ડર માધવી હિડમા સહિત છ માઓવાદીઓ માર્યા ગયા છે.

આંધ્રપ્રદેશના પોલીસ મહાનિર્દેશક હરીશ કુમાર ગુપ્તાએ જણાવ્યું હતું કે જૂથની હિલચાલ વિશે વિશ્વસનીય ગુપ્ત માહિતીના આધારે આ અથડામણ થઈ હતી. તેમણે ઉમેર્યું હતું કે આ ઓપરેશન દરમિયાન કોઈ સુરક્ષા કર્મચારી ઘાયલ થયેલ નથી. એન્કાઉન્ટર સ્થળ પરથી AK-47 રાઇફલ્સ અને વિસ્ફોટકો સહિતના શસ્ત્રો મળી આવ્યા હતા.

સુરક્ષા દળોએ મારેડુમિલી, વિજયવાડા, NTR અને કાકીનાડા જિલ્લામાં સર્ચ ઓપરેશન વધુ તીવ્ર બનાવ્યું છે.

. . . . . .

# REV.PREZ JAL SHAKTI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પાણીની ઉપલબ્ધતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સૌને સાથે મળીને કામ કરવા વિનંતી કરી , તેમણે ભાર મૂક્યો કે આજના સમયમાં આબોહવા પરિવર્તન જળ ચક્રને અસર કરી રહ્યું છે. નવી દિલ્હીમાં છઠ્ઠા રાષ્ટ્રીય જળ પુરસ્કારો 2024 અને પ્રથમ જળ સંચય જન ભાગીદારી પુરસ્કારો પ્રદાન કરતા રાષ્ટ્રપતિએ કહ્યું કે દેશ માટે પાણીનો કાર્યક્ષમ ઉપયોગ જરૂરી છે , કારણ કે વસ્તીને ધ્યાનમાં રાખીને તેના જળ સંસાધનો મર્યાદિત છે. તેમણે પુરસ્કાર વિજેતાઓને પાણી બચાવવા માટેના તેમના પ્રયાસો બદલ અભિનંદન આપ્યા.

(બાઇટ : PREZ-WATER-AVAILABILITY)

આ કાર્યક્રમમાં જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલ , જળ શક્તિ રાજ્ય મંત્રી વી. સોમન્ના અને રાજ ભૂષણ ચૌધરી પણ હાજર રહ્યા હતા. શ્રેષ્ઠ જિલ્લો , શ્રેષ્ઠ ગ્રામ પંચાયત, શ્રેષ્ઠ શહેરી સ્થાનિક સંસ્થા , શ્રેષ્ઠ સંસ્થા, શ્રેષ્ઠ શાળા અને શ્રેષ્ઠ વ્યક્તિ સહિત દસ શ્રેણીઓમાં 46 વિજેતાઓને પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. 2024 માટે છઠ્ઠા રાષ્ટ્રીય જળ પુરસ્કારોમાં મહારાષ્ટ્રે શ્રેષ્ઠ રાજ્ય શ્રેણીમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જ્યારે ગુજરાત અને હરિયાણા અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# FM- SIXTH PRE-BUDGET

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે આજે નવી દિલ્હીમાં આગામી કેન્દ્રીય અંદાજપત્ર 2026-27 ના સંદર્ભમાં ઉત્પાદન ક્ષેત્રના નિષ્ણાતો અને નેતાઓ સાથે છઠ્ઠી પૂર્વ -અંદાજપત્ર પરામર્શની અધ્યક્ષતા કરી હતી . એક સોશિયલ મીડિયા સંદેશમાં, નાણા રાજ્ય પ્રધાન પંકજ ચૌધરીએ, જણાવ્યું હતું કે પરામર્શ દરમિયાન આગામી અંદાજપત્રના સંદર્ભમાં મહત્વપૂર્ણ નીતિગત પાસાઓ , નાણાકીય સુધારાઓ, નવીનતા-આધારિત વિકાસ, પડકારો અને રોકાણ સંબંધિત તકો પર વ્યાપક અને અર્થપૂર્ણ ચર્ચા થઈ હતી . તેમણે એમ પણ કહ્યું કે આ સંવાદ અત્યંત ઉપયોગી અને સશક્ત, સમાવેશી અને વિકાસલક્ષી બજેટ બનાવવાની દિશામાં માર્ગદર્શક સાબિત થયો છે.

. . . . .

# BIHAR NDA MEET

બિહારમાં, રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન- NDA ના નવા ચૂંટાયેલા ધારાસભ્યો આવતીકાલે પટનામાં ધારાસભ્ય દળના નેતાની પસંદગી કરવા માટે બેઠક કરશે. પાંચ ઘટક પક્ષો - ભાજપ , જનતા દળ (યુનાઇટેડ) , લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ), હિન્દુસ્તાની અવમ મોરચા અને રાષ્ટ્રીય લોક મોરચા - ના 202 NDA ધારાસભ્યો આ બેઠકમાં ભાગ લેશે. મુખ્યમંત્રી નીતિશ કુમાર ફરી એકવાર બિહારમાં NDA વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાય તેવી શક્યતા છે. ત્યારબાદ NDA વિધાનસભા પક્ષના નેતા રાજ્યમાં નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે.

આ પહેલા, ભાજપ અને JD(U) અલગ-અલગ બેઠકોમાં તેમના વિધાનસભા પક્ષના નેતાઓની પસંદગી કરશે. આ બેઠકો પણ આવતીકાલે થવાની શક્યતા છે.

. . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . .

# NEW GST REFORM

22 સપ્ટેમ્બરે અનેક વસ્તુઓ પર વસ્તુ અને સેવા કર ઘટાડવાથી GST બચત ઉત્સવ શરૂ થયો , જેનાથી દેશભરના નાગરિકોને ફાયદો થયો. આગામી પેઢીના GST સુધારા પશ્ચિમ બંગાળના અર્થતંત્રને કેવી રીતે વેગ આપી રહ્યા છે તે અંગે અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ..

(વોઇસ કાસ્ટ : NITIKA—GST)

. . . . . . .

# REV. BJP-BIHAR OBSERVER

ભાજપે બિહારમાં વિધાનસભામાં ધારાસભ્ય દળના નેતાની ચૂંટણી માટે ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યને કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા છે. જ્યારે, કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સાધ્વી નિરંજન જ્યોતિને કેન્દ્રીય સહ-નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નામોને ભાજપ સંસદીય બોર્ડ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . . .

# REV ECI- SIR

કેન્દ્રીય ચૂંટણી પંચે આજે માહિતી આપી હતી કે વિશેષ સઘન સુધારણા SIRના બીજા તબક્કામાં 50 કરોડ 97 લાખથી વધુ ગણતરી ફોર્મનું મતદારોમાં વિતરણ કરાયું છે. આ તબક્કામાં આવરી લેવામાં આવનાર કુલ 51 કરોડ મતદારોમાંથી તે 98.54 ટકા છે. મતદાર યાદીના SIRનો બીજો તબક્કો ગત 4 નવેમ્બરે નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં શરૂ થયો છે. પંચે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં 15 કરોડથી વધુ અને પશ્ચિમ બંગાળમાં સાત કરોડથી વધુ ફોર્મ સોંપવામાં આવ્યા છે.

આવતા વર્ષે 7 ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદીના પ્રકાશન સાથે મતદાર યાદીનું મોટા પાયે સુધારણા પૂર્ણ થશે.

. . . . . .

# FASAL BIMA YOJANA - ANIMAL ATTACK

જંગલી પ્રાણીઓના હુમલા અને ડાંગરના પાકમાં પાણી ભરાઈ જવાથી થયેલા પાકના નુકસાનને હવે પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના હેઠળ આવરી લેવામાં આવશે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું હતું કે સુધારેલા માળખા હેઠળ, જંગલી પ્રાણીઓના હુમલાને કારણે થતા પાકના નુકસાનને હવે સ્થાનિક જોખમ શ્રેણી હેઠળ પાંચમા એડ-ઓન કવર તરીકે ઓળખવામાં આવશે, જ્યારે ડાંગરના નુકસાનને સ્થાનિક આફત હેઠળ ફરીથી રજૂ કરવામાં આવશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, રાજ્યો પાકના નુકસાન માટે જવાબદાર જંગલી પ્રાણીઓની યાદી સૂચિત કરશે અને ઐતિહાસિક ડેટાના આધારે સંવેદનશીલ જિલ્લાઓ અથવા વીમા એકમોની ઓળખ કરશે. તેમાં કહેવામાં આવ્યું છે કે ખેડૂતોએ જીઓટેગ કરેલા ફોટોગ્રાફ્સ અપલોડ કરીને પાક વીમા એપ્લિકેશનનો ઉપયોગ કરીને 72 કલાકની અંદર નુકસાનની જાણ કરવાની રહેશે. આ નિર્ણય ખરીફ 2026 થી લાગુ કરાશે.

.........

# PURI- TOKYO

કેન્દ્રીય પેટ્રો લિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંઘ પુરીએ આજે ટોક્યોમાં ઓસાકા ગેસના પ્રતિનિધિ નિર્દેશક અને એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડેન્ટ કેઇજી ટેકમોરી સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી પુરીએ જણાવ્યું હતું કે બેઠક દરમિયાન બંને પક્ષોએ ઓસાકા ગેસ અને ભારતીય ઉ ર્જા કંપનીઓ વચ્ચે સહયોગ વધારવા અંગે ચર્ચા કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે ઓસાકા ગેસ પહેલાથી જ ભારતના સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન ક્ષેત્રમાં નોંધપાત્ર હાજરી ધરાવે છે, તે 19 ભૌગોલિક વિસ્તારોમાં કાર્યરત છે, જે મળીને જાપાનના લગભગ 90 ટકા વિસ્તારને આવરી લે છે.

. . . . . . . . . . . . .

# CRICKET RISING STAR

ACC પુરુષ એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ 2025 ક્રિકેટ ટૂર્નામેન્ટમાં આજે દોહામાં અંતિમ લીગ સ્ટેજ મુકાબલામાં ભારત -એ અને ઓમાન-એ સામસામે હશે. ભારતીય સમય મુજબ, કતરના દોહામાં આ મેચ રાત્રે આઠ વાગ્યે શરૂ થશે. ભારત માટે આજની મેચ ઘણી મહત્વની છે . ભારત અને ઓમાનના બે મેચથી બે -બે પૉઈન્ટ છે અને આજની વિજેતા ટીમ સેમિ-ફાઈનલમાં પહોંચશે.

. . . . . . . . . . . . .